





# પ્રભુના પ્રભાવમાં બધા સુખિયા સુખિયા રહે તેવું આપનું સામ્રાજ્ય સ્થપાય તેવી નવા વર્ષના પ્રારંભની પ્રાર્થના !

~ સંતભગવંત સાહેબજી

(શ્રી અન્નકૂટોત્સવ, ૧૫ નવેમ્બર ૨૦૨૦)

**૨૦૭૬ના અન્નકૂટના આ દિવસે શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં અમારા સૌ સંતો અને આપણા સૌ ભક્તો વતીથી પ્રભુને પ્રાર્થના કરવી છે...**

- "હે પ્રભુ ! ૨૦૭૬ના વર્ષમાં આપ અંતરથી રાજી ના થાવ તેવાં વિચાર-વાણી-વર્તન અમારાથી થઈ ગયાં હોય. અમહિમા-ભાવફેર-ઘસારામાં જાણે-અજાણે પડી જઈ આપને ના ગમે તેવું કર્યું હોય, બોલાયું હોય, વર્તાયું હોય, જોવાયું હોય, દેખાયું હોય. આપે જે અમારામાં વિશ્વાસ મૂક્યો છે તે વિશ્વાસ તમારો સાચો ઠરે તેવું અમે જીવન ના જીવ્યા હોઈએ. આપ જે કરાવવા માગો છે તે કરવામાં અમે આળસ-પ્રમાદ ને ગાફલાઈને લઈને ઊણા ઊતર્યા હોઈએ. સંપ-સુહૃદભાવ ને એકતા રાખી, હળીમળીને કામ ના કરી શક્યા હોઈએ. અને આપનું શોભે તેવું ના થઈ શક્યું હોય; તો આ બધાં માટે આ ૨૦૭૬ના વર્ષના છેલ્લા દિવસે સૌ સંતો વતી, સૌ ભક્તો વતી, સમગ્ર અનુપમ મિશન પરિવાર, ગુણાતીત સમાજ પરિવાર વતીથી આપના ચરણોમાં ગદ્‌ગદ કંઠે માફી માગીએ છીએ. ક્ષમા કરજો, માફ કરજો !
- જેવા છીએ તેવા અમે તમારા દીકરાઓ છીએ. જેવી આવડે એવી આખું વર્ષ હાંહાંગડથલરૂપ સેવા કરી છે. આપ રાજી થાવ તેવો આલોચ રાખીને સંતો ને ભક્તો બધા મંડ્યા છે. આપ તો ઉદાર છો, દયાળુ છો, અધમ-ઉદ્ધારણ છો, પતિત પાવન છો, કરુણાના સાગર છો ! ખરેખર, આપ તો એ બિરુદ પ્રમાણે અખંડ કૃપાદૃષ્ટિ રાખી રહ્યા છો, પણ વિચાર-વાણી-વર્તનથી અમારી કાંઈ પણ એવી ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો.
- કેવળ ને કેવળ આપના થઈને જીવવા, આપનામાં રહીને કામ કરવા અને આપના સિવાય કશામાં ના ચોંટીએ એવું જીવન જીવતા કરવા માટે આપે આ માનવદેહ આપ્યો છે. યોગીબાપા કહેતા, 'ફરી કેમ આવવું પડે છે ?' માહાત્મ્યની કસર ટાળવા. તો એ માહાત્મ્યની કસર ટાળવા માટે આપ સાથે લાવ્યા છો તો આ દેહે કરીને હસતા-રમતા-ખેલતા-કૂદતા આપની સેવા કરતા કરતા આપની પ્રસન્નતાનું પાત્ર બની અને એ માહાત્મ્યની કસર અમારી ટાળી દેજો એવી નવા વર્ષના પ્રારંભની અમારી પ્રાર્થનાઓ છે !
- અશ્વિનભાઈ, શાંતિભાઈ, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી-મુકુંદજીવન સ્વામી જેવા ખરેખર અદ્‌ભુત ઓલિયા સંતોની આપે અમોને ભેટ આપી છે. તેઓ આપનાં પ્રત્યક્ષ ને પ્રગટ સ્વરૂપો છે, એ ભાવ લાવીને એમનાં દર્શન કરીએ. જેમની સાથે અમને જોડ્યા છે તેમની બે હાથ જોડીને આજ્ઞા પાળીએ. અને આપના સૌ આશ્રિતોની પ્રભુના ભાવથી, આપના ભાવથી કેવળ ને કેવળ એક આપને જ પ્રસન્ન કરવાના ભાવથી નિર્દોષભાવે સેવા-ભક્તિ રાખીએ. સુહૃદભાવભરી અરસપરસ હળીમળીને એકમના થઈને એકબીજાને મદદરૂપ થઈને આપની ભક્તિ કરીએ અને એ માટે જે કરવું પડે તે કરીએ. અમારા ભાવો જે મૂકવા પડે તે મૂકીને પણ આપને રાજી કરવા એવો દૃઢ સંકલ્પ અમારો આ નવા વર્ષની શરૂઆતમાં કરીએ છીએ. તો એ પ્રમાણે વર્તવાનું બળ, બુદ્ધિ ને પ્રેરણા અમ સૌને આપજો.
- દેશ-પરદેશમાં હજારો માઈલ દૂર બધા રહે છે. અંતરથી ઘણા દૂર છે, ઘણા નજીક છે, ઘણા સાથે છે પણ એ સર્વનો ભાવ એક આપને રાજી કરવાનો છે. એ ભાવને કારણે અંદરથી એવી અનુભૂતિ થાય છે કે, જાણે સાથે જ રહીને ભક્તિ અદા કરીએ છીએ. તો આવો ભાવ કાયમ રહે. દેશ-પરદેશમાં વસતા સર્વ ભક્તો ૨૦૭૭ના વર્ષમાં ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા બની કુટુંબે સહિત સૌને સુખિયા કરજો, સુખિયા-સુખિયા કરજો.
- આ ૨૦૭૬ના વર્ષમાં કોરોનાએ પોતાનું ગાડું હલાવ્યું, પણ ૨૦૭૭ના વર્ષમાં એને અને કળિયુગના પ્રભાવમાંથી સમગ્ર વિશ્વને મુક્ત કરો. જેમને જેમને કોરોના થયો છે તે બધા સાજા-નરવા થઈ જાય અને જેને થયો નથી તે સૌને આપનું રક્ષણ મળે અને થાય નહિ એવી આપના ચરણોમાં સૌ સંતો અને સૌ ભક્તો વતીથી અમારી ગદ્‌ગદભાવે આ ૨૦૭૬ના છેલ્લા દિવસે ને આવી રહેલા નવા વર્ષના પહેલા દિવસે પ્રાર્થના કરીએ છીએ !

- પ્રભુ આપ દયાળુ છો, કૃપાળુ છો, અધમ-ઉદ્ધારણ છો, પતિતપાવન છો ! અમારા કોઈ દોષ જોયા વગર કેવળ કૃપા વરસાવ્યે જ રાખો છો. તો આવી અખંડ કૃપા વરસાવ્યા કરજો. દેશ-પરદેશમાં વસતા સૌ સંતો, ભક્તો, મુક્તો ખરેખર આપના તરફ ભક્તિ અદા કરી રહ્યા છે. ગાંડીઘેલી જેવીતેવી પણ એ ભક્તિને આપ બહુ મોટી માનીને અમારા પર કૃપા વરસાવો છો. આપ ૧૪મી મે, ૧૯૬૬માં આશીર્વાદ આપતાં બોલ્યા કે, 'તમને સંસારમાં જવા નથી દેવા, તમને સૌને સાધુ બનાવવા છે. ભગવાં કપડાં નથી આપવા. તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' બસ બાપા, આપના એ આશીર્વાદ અમારા સૌ સંતો દેશ-પરદેશમાં જ્યાં છે ત્યાં, અમે સંતો ગમે તેવા છીએ, તમારું માનીએ-ના માનીએ, તમારી આજ્ઞા પાળી હોય-ના પાળી હોય, એક થઈને જીવન જીવીએ-ના જીવીએ; એ કશું જોયા વગર પ્રભુ, આપે જે આશીર્વાદ આપ્યા છે કે, 'તમારું હૃદય ભગવું કરવું છે.' તો આ દેહે કરીને એવી સાધુતા સૌ સંતોમાં ખીલી ઊઠે. વિચાર-વાણી ને વર્તનમાં એ સાધુતા એવી પ્રવાહિત થાય કે, જેના દ્વારા આપનો અને શાસ્ત્રીજી મહારાજનો અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના વિશ્વના ફલક પર પ્રવર્તાવવા માટેનો જે દાખડો છે તે ઉપાસનાનું કાર્ય સંતો દ્વારા અને સાધુ જેવું જીવન જીવતા એવા સમર્પિત ભક્તો દ્વારા ચાલુ રહે, વહેતું રહે. એવા અમ સૌ સંતોને અને સમગ્ર અનુપમ મિશન પરિવાર ને ગુણાતીત સમાજના સર્વ અક્ષરમુક્તોને આપ આ નવા આવી રહેલા વર્ષના આશીર્વાદ વરસાવજો.
- ખરેખર, આપ ખૂબ ખૂબ કૃપા કરીને આ ધરતી પર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને લઈને આવ્યા. અને એ જ અક્ષરપુરુષોત્તમના સાકાર સ્વરૂપ સંત દ્વારા પ્રગટ હોઈશ, હોઈશ ને હોઈશ... એ વરદાન આપ્યાં અને એવા સંતો દ્વારા પ્રગટ રહી એની ઓળખાણ અમને કરાવી. એ માર્ગે આપ અમને ચલાવી રહ્યા છો, આપની કૃપાનો પાર નથી ! તો આવી અખંડ કૃપા અમારા પર વરસાવ્યા કરજો.
- ૨૦૭૭નું વર્ષ સર્વ મંદિરો માટે, સર્વ ભક્તો માટે, સર્વ સંતો માટે ખરેખર ખૂબ ખૂબ ઉત્સાહ, ઉમંગથી ભક્તિ કરવા માટે અને સર્વને સુખી થવા માટે ખૂબ અદ્ભુત બની રહો એવી આપના ચરણોમાં પ્રાર્થના !
- સમગ્ર ભારતવર્ષમાં શાંતિ સ્થપાય, સંવાદિતા સ્થપાય, એકતા સ્થપાય. ૧૨૫ કરોડની વસ્તીના લોકોને પ્રભુ કૃપાદૃષ્ટિ કરીને સૌને સુખિયા કરજો, સૌને સુખિયા કરજો, સૌને સુખિયા કરજો ! અને શાંતિ સ્થપાય ને આનંદપૂર્વક આપનું સામ્રાજ્ય સ્થપાય, કળિયુગ ને કોરોનાનો પ્રભાવ નષ્ટ થાય અને પ્રભુના પ્રભાવમાં બધા સુખિયા, સુખિયા રહે તેવું આપનું સામ્રાજ્ય સ્થપાય તેવી આપના ચરણોમાં નવા વર્ષના પ્રારંભની અને ૨૦૭૬ના જઈ રહેલા વર્ષની શાંતિભાઈ, અશ્વિનભાઈ, મનોજભાઈ, હર્ષદભાઈ, રતિકાકા ને સૌ સંતો ને સમગ્ર વિશ્વના અમારા સૌ ભક્તો વતીની આપના ચરણોમાં અમારી કાકલૂદીભરી પ્રાર્થનાઓ છે ! હે પ્રભુ, રાજી રહેજો, રાજી રહેજો, રાજી રહેજો ! સદાય કૃપાદૃષ્ટિ રાખજો એવી પ્રાર્થના !
- નવા વર્ષનાં સૌને અભિનંદન ! દેશ-પરદેશમાં વસતા સર્વ વહાલા ભક્તો નિશ્ચિંત રહેજો. હવે કોરોના જાય છે. ભગવાનનો પોતાનો સંકલ્પ છે, ૨૦૭૭નું નવું વર્ષ આપણા માટે ખૂબ ખૂબ સરસ બની રહેશે. પ.પૂ. મહંત સ્વામી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામી, પ.પૂ. ગુરુજી, પ.પૂ. અશ્વિનભાઈ, પ.પૂ. શાંતિભાઈ જેવા સંતોનો સંકલ્પ છે કે, બધા સંતો-ભક્તો સલામત રહે. આખો દેશ ને આખી દુનિયાના માનવો ભક્તિ ભૂલ્યા હતા, સાયન્સ-ટૅક્નોલૉજી, સુખ-સુવિધા દ્વારા પોતાના બળે જીવતા હતા. એક જ ઝાપટમાં માણસને પોતાની મર્યાદા ભગવાને બતાવી દીધી અને પ્રભુસન્મુખ કરી દીધા; તે મોટું કામ કરીને કોરોના જઈ રહ્યો છે.
- ભગવાનને સૅન્ટરમાં રાખીને જીવન જીવીએ, ભગવાનને એ કરાવવું છે. પછી તમે ઇન્કમટૅક્સ કમિશ્નર બનો, પ્રાઇમ મિનિસ્ટર બનો, નાનામાં નાનો સેવક બનો, ખેડૂત બનો, વેપારી બનો, ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ બનો, પ્રૉફેસર બનો, વિદ્યાર્થી બનો, ગૃહસ્થ બનો, સંત બનો - જે કરવું હોય તે કરો, પણ મુખ્ય ભગવાન જેના જીવનમાં હશે, ભગવાનને રાજી કરવાનો જેના હૈયામાં ભાવ હશે, ભગવાનના થઈને જીવન જીવવાનો જેને આલોચ હશે તે સર્વ બધાંથી પર બની સુખિયા સુખિયા બની રહેશે; એવો સ્વામિનારાયણ ભગવાનનો, ગુણાતીતાનંદ સ્વામીનો, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો સંકલ્પ છે. એ સંકલ્પ આપણા સૌનાંય જીવનમાં સાકાર થઈ રહ્યો છે એનો આનંદ છે ! સૌને ફરીથી તને, મને, ધને, આત્માએ કરીને ભક્તિ, શક્તિ, સમૃદ્ધિથી છલકાતા બની, ભક્તિમય બની ખૂબ ખૂબ સુખિયા રાખે એ માટે ૨૦૭૭ના નવા શરૂ થતા વર્ષની પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ છે ! સૌ રાજી રહેજો ! જય સ્વામિનારાયણ ! ◆